COVID-19 અંતર્ગત આંતર રાજ્ય/ જિલ્લા મુસાફરી કરતાં પ્રવાસીઓ/નાગરિકો/ પ્રજાજનોને અનુસરવાની માર્ગદર્શીકા.

ગુજરાત સરકાર
ક્રમાંકઃ એનસીવી/૧૦૨૦૨૦/એસએફએસ-૦૧/ગ.
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તાઃ -/૦૬/૨૦૨૦
6 JUN 2020

વંચાણે લીધા:

(૧) ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના કચેરી આદેશ ક્રમાંક-Z.28015/19/2020-EMR(Pt.) તા.24/05/20

(૨) સા.વ.વિ. ના તા.૦૪/૦૬/૨૦ ના પરિપત્ર ક્રમાંક-પરચ/૧૦૨૦૨૦૧૯૩/એન.આર.આઈ.

પરિપત્રઃ

૨. રાજ્ય સરકાર ધ્વારા કોરોના સામે લડવા સઘન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. કોરોના વાયરસ COVID-19ની અસરોને પહોંચી વળાવ તેમજ રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમીક ડીસીઝ એક્ટ- ૧૮૯૭ અન્વયે આ વિભાગના ક્રમાંકઃ એજસીવી/૧૦૨૦૨૦/એસએફએસ-૧, તાઃ૧૩-03-૨૦૨૦ના જાહેરનામાથી રાજ્યમાં ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન- ૨૦૨૦ લાગુ કરવામાં આવેલ છે.

૩. ભારત બહાર અન્ય દેશોમાં ફસાયેલા(Stranded) ભારતીયોને દેશમાં પરત લાવવા અને પરત ફરે ત્યારે અનુસરવાની કાર્યપદ્ધતિ સ્ટાંડર્ડ ઓપરેટીંગ પ્રોટોકોલ(SoPs) ભારત સકારના વંચાણે લીધેલ હુકમ ક્રમ-(૧) અને રાજ્ય સરકારના વંચાણે લીધેના ક્રમ-(૨)થી અનુસરવાની કાર્યપદ્ધતિ જાહેર કરેલ છે. જે માટે કમિશનરશ્રી દ્વારા જેની અમલવારી થાય તે ધ્યાન રાખવાનું રહેશે.

૪. ભારત સરકારની ગાઇડ લાઇન ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે આંતર રાજ્ય/આંતર જિલ્લા મુસાફરી માટે છુટ આપેલ છે. આ સંજોગોમાં મુસાફરી દરમિયાન બીજા રાજ્ય/જિલ્લામાં પ્રવેશ કરતાં સમયે સ્થાનિક આરોગ્ય તંત્ર, પોલીસ તંત્ર અને મહેસૂલી તંત્ર પ્રવાસીઓ/નાગરિકો/પ્રજાજનોને કવોરેન્ટાઇન કરવાની ફરજ પાડતાં હોવાની બાબત સરકારશ્રીની જાણમાં આવેલ છે. જે સંદર્ભમાં નીચે મુજબની સુચનાઓ પરિપત્રિત કરવાનું જરૂરી જણાય છે.

1) શું કરવું અને શું ન કરવું તે અંગેની સૂચનાઓ પ્રવાસ કરવાના વાહનોમાં અને શક્ય હોય ત્યાં ટિકીટ પર સૂચનાઓ જાહેર કરવાની રહેશે.

2) તમામ પ્રવાસીઓને આરોગ્ય સેતુ એપલીકેશન ઈન્સટોલ કરવાનું સૂચવવામાં આવે છે.

3) બસ સ્ટેશન/એર્પોર્ટ ટર્મીનલ /રેલવે સ્ટેશન પર કોરોના સામે સાવચેતી અંગેની સૂચનાઓની જાહેર કરવાની રહેશે.

4) દરેક મુસાફરના બોર્ડીંગ પહેલાં ફરજીયાત થર્મલ સ્કીનીગ કરવાનું રહેશે. આ સ્થળો જેવા કે રેલવે સ્ટેશન, એરપોર્ટ,બસ સ્ટેશનના સ્કીનીંગ પોઈન્ટ પર જરૂરી માહિતી આપવાની રહેશે. આ દરમિયાન લક્ષણો નહીં ધરાવતા મુસાફરોને જ માત્ર હવાઇ મુસાફરી, ટ્રેન કે બસમાં મુસાફરી કરવાની પરવાનગી આપવામાં આવશે.

5) પ્રવાસન દરમ્યાન માસ્ક/ફેસ કવર કરવાનું રહેશે અને તેમને તમામ હાઈજેનીક એટીકેટસનું પાલન કરવાના રહેશે.

6) મુસાફરીમાં સોસીયલ ડીસ્ટન્સીંગનું પાલન કરવાનું રહેશે.

7) બસ સ્ટેશન/એર્પોર્ટ ટર્મીનલ /રેલવે સ્ટેશન સમયાંતરે સેનેટાઈઝ કરવાના રહેશે અને સ્વછતા માટે જરૂરી સાબુ /સેનેટાઈઝરની વ્યવસ્થા કરવાની રહેશે.

8) તમામ મુસાફરો માટે વિમાની મથક, રેલવે સ્ટેશન કે બસ ડેપોની બહાર નીકળતી વખતે થર્મલ સ્કીનીંગની વ્યવસ્થા કરવાની રહેશે.

9) આંતરરાજય/આંતર જિલ્લા મુસાફરી કરતાં જે પ્રવાસીઓમાં કોરોનાના કોઇ જ લક્ષણો ન હોય તેવા મુસાફરો સીધા જ પોતાના ઘરે જઇ શકશે, પરંતુ આવા મુસાફરોએ ૧૪ દિવસ સુધી પોતાના લક્ષણોનું સ્વનિરીક્ષણ કરવાનું રહેશે અને. આ દરમિયાન જો કોરોનાના કોઇ લક્ષણો દેખાય તો તેમણે તાત્કાલિક જિલ્લા સર્વેલન્સ ઓફિસરને જાણ કરવાની રહેશે. અથવા તો રાજય કે રાષ્ટ્રની હેલ્પ લાઇન ૧૦૪ કે ૧૦૭૫ પર સંપર્ક કરવાનો રહેશે.

10) કોઇ મુસાફર સીમ્પ્ટોમેટીક જણાશે તો તેમને તરત જ આઇસોલેટ કરીને નજીકના આરોગ્ય કેન્દ્રમાં લઇ જવામાં આવશે અને તરત જ વધુ તપાસણી હાથ ધરવામાં આવશે.

11) જે મુસાફરને સામાન્ય અથવા તો ગંભીર લક્ષણો દેખાશે તેમને સઘન સારવાર માટે કોવીડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવશે. જે મુસાફરોને હળવા લક્ષણો જણાશે તેમને હોમ આઇસોલેશન અથવા તો કોવીડ કેર સેન્ટરમાં આઇસોલેશનનો વિકલ્પ આપવાનો રહેશે. સરકારી કે ખાનગી કોરોન્ટાઇન પછી ટેસ્ટીંગ માટે આઇ.સી.એમ.આર.ના પ્રોટોકોલ મુજબ આગળની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

    (અ) આઇસોલેશનના સમયગાળા દરમિયાન આવા મુસાફરો જો પોઝીટીવ જણાશે તો તેમને કલીનીકલ પ્રોટોકોલ મુજબ કોવીડ કેર સેન્ટરમાં રાખવામાં આવશે. અને,

    (બ) જો નેગેટીવ આવે તો તેમને ઘરે જવાની છુટ આપવામાં આવશે અને તેઓએ ૭ દિવસ સુધી તેમના સ્વાસ્થયનું સ્વયંમ મોનીટરીંગ કરવાનું રહેશે. આ સમયગાળા દરમ્યાન જો કોઈ લક્ષણ જણાય તો તેને તાત્કાલિક જિલ્લા સર્વેલન્સ ઓફિસરને જાણ કરવાની રહેશે. અથવા

તો રાજય કે રાષ્ટ્રની હેલ્પ લાઇન ૧૦૪ કે ૧૦૭૫ પર સંપર્ક કરવાનો રહેશે.

આ તમામ સૂચનાનું પાલન કરવાનું રહેશે. ઘરે કવોરન્ટઇન થયેલ પ્રવાસીઓ અને અન્યએ આરોગ્ય તંત્ર દ્વારા જણાવવામાં આવેલ દિશા-નીર્દેશોનું ફરજીયાતપણે પાલન કરવાનું રહેશે અને જે નિયમોનું ઉલ્લંઘન કરેલ જણાશે તો તેઓ સામે કાયદાકીય પગલા લેવાશે. તેઓને સંસ્થાકીય કવોરન્ટઇન કરવામાં આવી શકશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરેશ પરમાર)
ઉપ સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગ, સચિવાલય.
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર.
- એરપોર્ટ મેનેજરશ્રી (ટર્મીનલ) ડોમેસ્ટીક એરપોર્ટ, શાહીબાગ, અમદાવાદ.
- ડીવીઝનલ મેનેજરશ્રી, પશ્ચિમ રેલવે, અમદુપુરા, અમદાવાદ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજ. રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમદાવાદ.
- અધિક નિયામકશ્રી,(તમામ) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટ/ અમદાવાદ
- જિલ્લા કલેક્ટરશ્રીઓ/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તમામ)
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ
- મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી, અમદાવાદ
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ
- સર્વે ઉપસચિવશ્રીઓ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
- સેક્શન અધિકારીશ્રી, ગ- શાખા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.
- શાખા સિલેક્ટ ફાઇલ – ૨૦૨૦